# બીએડની બંધ ગ્રાન્ટેડ કોલેજોમાં અધ્યાપકોની ભરતી કરવા માંગ

ગાંધીનગર, તા. ૮

ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી દ્વારા વિવિધ ફેકલ્ટીની કોલેજોમાં ખાલી પડેલી અધ્યાપકોની ભરતી શરૂ કરીને મોટા ભાગની જગ્યાઓ ભરી દેવામાં આવી છે. પરંતુ સરકાર બી.એડ. કોલેજ પ્રત્યે અણગમો



હોય તેમ બી.એડ. કોલેજમાં હજુ સુધી એટલે કે સને ૨૦૨૧થી સંખ્યાબંધ જગ્યાઓ ખાલી હોવા છતાં જગ્યાઓ ભરવામાં આવતી નથી અને અધ્યાપકોના અભાવે કેટલીક બી.એડ. કોલેજો એન.સી.ટી.ઈ. દ્વારા બંધ કરવાની ફરજ પડી છે જેમાં અમદાવાદ શહેરની વિવેકાનંદ કોલેજ ઓફ એજ્યુકેશન અને ખેડાની સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ સહિત ૧૩ કોલેજમાં અધ્યાપકોની ખાલી જગ્યાઓ ભરવામાં નહીં આવતા આ કોલેજો બંધ થયેલ છે. પરિણામે વિદ્યાર્થીઓ અને અન્ય કામ કરતાં શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારી પર અસર થઈ છે. જેમાં બીનસરકારી અનુદાનિત (ગ્રાન્ટેડ) કોલેજોમાં કેન્દ્રીયકૃત રીતે 'અધ્યાપક સહાય'ની તા. ૧-૨-૨૦૨૦ના રોજ આપવામાં આવેલ જાહેરાત માટે ૩૬ વિષયોમાં ૭૮૦ જેટલી જગ્યાઓ માટે જે તે વખતે જાહેરાત આપવામાં આવી હતી જેમાં ઓનલાઈન અરજી કરવાની મુદત લંબાવી તા. ૫-૧-૨૦૨૧માં કરવામાં આવેલ હતી જેમાં નવા ૮ વિષયોની અંદાજીત ૧૪૬ જગ્યાઓનો સમાવેશ કરવામાં આવતા અંદાજીત ૯૨૭ જગ્યા માટે જાહેરાતો આપવામાં આવી હતી. મોડે મોડે એમાંથી મોટા ભાગની જગ્યાઓ બી.એડ. સિવાય કોલેજોમાં ભરી દેવામાં આવી છે, પરંતુ ઉપરોક્ત બન્ને બી.એડ. કોલેજો પ્રત્યે જાણે કે કોઈ પૂર્વગ્રહ હોય અથવા સ્થાપિત હિતો માટે જગ્યાઓ ભરવામાં આવી નથી એટલું જ નહીં આ કોલેજોના ઈન્ટરવ્યુ બંધ રાખવામાં આવેલ છે આ સિવાય પણ બીજી ૧૨ થી ૧૩ કોલેજોના ઈન્ટરવ્યુ લેવાના બાકી છે અને પ્રાપ્ત માહિતી છે કે ઉચ્ચ શિક્ષણ કચેરી દ્વારા આ કોલેજો ફરીથી અધ્યાપકોની ભરતી માટે જાહેરાત આપવાની વિચારણા કરી રહી છે જે કાયદા અને ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ છે. અન્યથા વિદ્યાર્થીઓ સાથે સાથે બી.એડ. કોલેજની ભરતીમાં ટોપ મેરીટમાં આવતાં પસંદ થયેલા છ ઉમેદવારોના ઈન્ટરવ્યુ રદ થતાં તેની સાથે ભારે અન્યાય થાય તેમ છે. વર્ષોથી ભરતીની રાહ જોતાં ઉમેદવારોને નવા ઉમેદવારો સાથેની સ્પર્ધા, ઉંમર વિગેરેની પણ ગંભીર અસરો થાય અને આ કોલેજો જેટલી મોડી શરૂ થાય તેટલું ગરીબ મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજની ફી પોષાય તેમ નથી તેઓના પરિવારના માટે આધારસ્તંભ સમાન છે જેથી ગ્રાન્ટેડ કોલેજ બી.એડ.માં પ્રવેશ મળે તો તેમની રોજગારીની તકો વધે તેમ છે અને ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રવેશથી વંચિત થવાથી આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓનું ઉજ્જવળ ભાવિ અંધકારમય બને તેમ છે. માટે તાત્કાલિક અસરથી આ બન્ને કોલેજો શરૂ થાય તે દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા વિદ્યાર્થી વાલી અધિકાર ગૃપે માંગ કરી છે.

ગરીબ અને મધ્યમ વર્ગના વિશાળ હિતમાં તાત્કાલિક અસરથી બી.એડ.ની ગ્રાન્ટેડ કોલેજો વિવેકાનંદ કોલેજ ઓફ એજ્યુકેશન ખેડાની સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ સહીત ૧૩ કોલેજોના બંધ રાખવામાં આવેલ ઈન્ટરવ્યુ શરૂ કરી તાત્કાલિક અસરથી કોલેજ શરૂ કરવા વિદ્યાર્થી વાલી અધિકાર ગૃપના પ્રમુખ જ્યોર્જ ડાયસ, યશ ચૌધરી, હસમુખભાઈ મકવાણા, શુભમ રાય, અતિશ પંચોલીના એક પ્રતિનિધિ મંડળે ગુજરાત રાજ્યના કોલેજ વિભાગના ઉચ્ચ શિક્ષણ કમિશનર પી.બી. પંડ્યાને આવેદનપત્ર આપી વિગતાવર રજૂઆત કરી હતી.

# ગુજરાતના એપ ડેવલોપર્સ ગ્લોબલ યુઝર બેઝને ટાર્ગેટ કરશે : વિજય નેહરા

## ગુજરાત સાયન્સ સિટી ખાતે એપ ડેવલપર્સ માટેના ઈન્ટરેક્ટિવ સ્કિલ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમ 'કનેક્ટ વિથ ગૂગલ'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૦૮

ગુજરાત સાયન્સ સિટી ખાતે સાયન્સ અને ટેક્નોલોજી સચિવ વિજય નહેરા અને સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર જે.બી. વદરની ઉપસ્થિતિમાં એપ ડેવલપર્સ માટેના ઈન્ટરેક્ટિવ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમ 'કનેક્ટ વિથ ગૂગલ'નો ઉદઘાટન સમારંભ યોજાયો. ગુજરાતના એપ ડેવલપર્સને પ્રોત્સાહિત કરવા માટે અને કૌશલ્ય નિર્માણના હેતુથી ગુજરાત સરકારના સહયોગથી ગૂગલ દ્વારા આ ખાસ ઈન્ટરેક્ટિવ સ્કિલ બિલ્ડિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખા કાર્યક્રમમાં આશરે ૫૦૦ જેટલા એપ ડેવલપર્સ ભાગ લઈ રહ્યાં છે.






આ પ્રસંગે સાયન્સ અને ટેક્નોલોજી સચિવ વિજય નહેરાએ આ ઉપક્રમ અંગે ગૂગલ અને સાયન્સ સિટીની ટીમને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "આજે સાયન્સ સિટી તેના સાયન્સ અને ટેકનોલોજી આધારિત રસપ્રદ ઉપક્રમોના લીધે ખૂબ જ લોકપ્રિય બની છે. ગુજરાત સાયન્સ સિટીને દેશનું સૌથી મોટું સાયન્સ પાર્ક બનાવવાનું દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે. આઈટી ક્ષેત્રે ઘણી વૈશ્વિક કંપનીઓ ગુજરાતમાં આવી રહી છે અને આવનારા સમયમાં ઘણી કંપનીઓ ગુજરાતમાં આધુનિક આઈટી ટેકનોલોજી ક્ષેત્રે રોજગારી ઊભી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવશે. ગુજરાતમાં ગૂગલના આગમન અને તેની કાર્યપદ્ધતિ વિશે વાત કરતા વિજય નેહરાએ જણાવ્યું હતું કે, ગૂગલ ગાંધીનગર ખાતે ગિફ્ટ સિટીમાં તેનું ગ્લોબલ ફિનટેક ઓપરેશન સેન્ટર સ્થાપવા જઈ રહ્યું છે. આગામી દિવસોમાં અનેકવિધ આવા કૌશલ્યવર્ધન કાર્યક્રમ થકી ગુજરાતના ૧૦,૦૦૦થી પણ વધુ એપ ડેવલોપર્સને કનેક્ટ કરવાનો ગૂગલનો લક્ષ્યાંક છે. ગુજરાતના એપ ડેવલોપર્સે આ તકને ઝડપીને કૌશલ્યવર્ધન માટે તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. આગામી દિવસોમાં ગુજરાતના એપ ડેવલોપર્સ ગ્લોબલ યુઝર બેઝને ટાર્ગેટ કરી શકશે તથા ક્વોલિટી એપ્સ ડેવલપ કરી શકશે, એમ તેમણે ઉમેર્યું હતું.આઈટી અને એપ ડેવલપમેન્ટ ક્ષેત્રે ગુજરાત સરકારના પ્રયાસો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આગામી સમયમાં ગુજરાત સરકાર નવી આઈટી પોલીસી અને નવી સ્ટાર્ટઅપ પોલીસી જાહેર કરવાનું આયોજન છે. આ પ્રસંગે ગૂગલના કસ્ટમર સોલ્યુશન વિભાગના ડાયરેક્ટર શાલિની, ગૂગલ અને સાયન્સ સિટીના કર્મચારીગણ અને મોટી સંખ્યામાં એપ ડેવલપર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જે.બી. પ્રાથમિક શાળામાં મારી માટી મારો દેશ નિમિત્તે શપથગ્રહણ કાર્યક્રમનું આયોજન







ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં વડાપ્રધાનશ્રીના 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત ૧૫ ઓગષ્ટ-૨૦૨૩ના રોજ ભારત દેશને આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી 'મારી માટી મારો દેશ' કાર્યક્રમની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્યના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ તથા ગાંધીનગર મહાનગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે મારી માટી મારો દેશ, માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમની રૂપરેખા અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૫-૮-૨૦૨૩ને શનિવારના રોજ વિદ્યાર્થીઓએ તથા શિક્ષકોએ માતૃભૂમિના વીરોને યાદ કરી ગુલામીની માનસિકતામાંથી મુક્તિ મેળવી, દેશના સમૃદ્ધ વારસા પરના ગર્વ સાથે હંમેશા તેના ઉત્થાન માટે કામ કરી દેશની એકતા અને એકસૂત્રતા માટે પ્રયત્નીલ રહેવાના અને દેશની રક્ષા, સન્માન અને પ્રગતિ માટે સમર્પિત રહેવાના શપથ લીધા હતા.

શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાગરમાં સાગર

## દ્વારકાના શંકરાચાર્ય પૂજ્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજીની અમૃતવાણી

ગાંધીનગર, તા. ૮



- કર્મ ત્રણ પ્રકારના હોય છે. શાસ્ત્રવિધિ પૂર્વકનું કાર્ય એટલે કર્મ, નિષિગ્ધ કર્મ એટલે વિકર્મ અને અકર્મ એટલે કે ક્રિયાહીન.
- વિધિ રહિત એટલે કે શાસ્ત્રનું ઉલ્લંઘન કરે તે વિકર્મ છે.
- ક્રિયાશીલ પુરુષ નિષ્ઠાપૂર્વકનું કર્મ કરે એટલે કે ધીરે ધીરે સંસારથી મુક્ત થઈને પરમાત્મા પ્રત્યે કર્મ કરે એટલે મૃત્યુના બંધનથી છૂટી જાય છે.
- મન મરજીથી વિકર્મ કરવું એટલે અધર્મના રસ્તે આગળ જવું.
- સન્માર્ગ ઉપર ચાલવાનું થોડું કઠિન લાગે છે પરંતુ અશક્ય નથી. નિષ્ઠા હોય તો સરળ બને છે.
- ધર્મનું પાલન કરવું એ આપણી સંસ્કૃતિનું મૂળ છે.
- આત્મા નિર્વિકાર કેવી રીતે રહી શકે એ જાણવા માટે શાસ્ત્ર વચન અને ગુરુનું શરણ સ્વીકારવું પડે.
- વિદ્વાન બ્રાહ્મણાદિ પ્રત્યે નિષ્ઠા રાખવાથી મનુષ્ય ઉત્તરોત્તર મોક્ષ તરફ પ્રવૃત્ત થાય છે.
- જીવનમુક્ત બની જાય એટલે તત્ ત્વમ અસિ-આત્મા પરમાત્મા સ્વરૂપ બની જાય છે એ જ અદ્વૈતવાદ છે. અધિક શ્રાવણ માસ નિમિત્તે દ્વારકામાં દરરોજ યોજાતા પ્રવચનના સંકલિત અંશ...

# નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન ગાંધીનગરમાં 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમો યોજશે

ગાંધીનગર, તા. ૦૮

યુવા કાર્યક્રમ તેમજ ખેલ મંત્રાલય (ભારત સરકાર) અંતર્ગત કાર્યરત નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર તેમજ મહેસાણા દ્વારા તા. ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી 'મેરી માટી મેરા દેશ- મિટ્ટી કો નમન, વીરોં કો વંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા આપવામાં આવેલા પંચ પ્રણની થીમ તથા આઝાદીના અમૃત મહોત્સવની ૭૫મી વર્ષગાંઠની સમાપ્તિના ઉપલક્ષ્યમાં દરેક ગ્રામ પંચાયત સ્તર પર કાર્યક્રમોનું આયોજન તા. ૯ ઓગસ્ટ, ૨૦૨૩થી પ્રારંભ થશે.

દરેક કાર્યક્રમમાં ગ્રામ પંચાયત સ્તર પર અમૃત વાટિકાનું નિર્માણ, વીરોં કો નમન, શિલ્પાફલકમનું નિર્માણ, પંચ પ્રણના શપથ તથા ધ્વજારોહણ જેવા કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. ઉક્ત કાર્યક્રમ જિલ્લા પ્રશાસન, જિલ્લા પંચાયત તથા સમસ્ત સરકારી તેમજ બીનસરકારી સંગઠનોના સમન્વયથી આયોજિત કરવામાં આવશે. દરેક ગ્રામ પંચાયતથી એકઠી કરેલી માટીને કળશમાં ભરીને દિલ્હી સ્થિત કર્તવ્ય પથ પર શિલ્પાફલકમનું નિર્માણ કરવામાં આવશે. ૧૫ ઓગસ્ટ ૨૦૨૩થી ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ સુધી તાલુકા સ્તર તથા જિલ્લા સ્તરના કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. પ્રત્યેક તાલુકાથી એક યુવા સ્વયંસેવક તાલુકાની માટીને દિલ્હી લઈ જશે.

પંચ પ્રણના શપથ તથા માટીને હાથમાં લઈને સેલ્ફી ખેંચીને યુવાઓને સેલ્ફી મેરી માટી મેરા દેશ પોર્ટલ તથા યુવા પોર્ટલ પર અપલોડ કરીને આ કાર્યક્રમમાં જનભાગીદારી નિભાવવાની અપીલ કરવામાં આવે છે.

# ધી ગાંધીનગર અર્બન કો.ઓપ. બેંક લી.ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ધી ગાંધીનગર અર્બન કો.ઓપ.બેંક લી. ગાંધીનગરની સને ૨૦૨૨-૨૩ના વર્ષની ૨૪મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન ચંદુભાઈ એચ. પટેલના અધ્યક્ષસ્થાને તા. ૬-૮-૨૦૨૩ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ખિમજી વિસરામ હોલ, કડી સર્વ વિદ્યાલય સંકુલ, સેક્ટર-૨૩ ખાતે યોજાઈ ગઈ. શરૂઆત પ્રાર્થનાથી કરી વર્ષ દરમ્યાન જે સભાસદો અવસાન પામ્યા હતા તેઓના માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું. બેંકના ચેરમેન અને ડિરેક્ટરો દ્વારા સભાસદોના પાલ્ય તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સભાના ચેરમેન ચંદુભાઈ એચ. પટેલ દ્વારા માર્ચ-૨૦૨૩નો અહેવાલ રજુ કરેલ. શેરમુડી રૂ. ૩૬૭.૪૦



લાખ, ડિપોઝીટ રૂ. ૮૯૫૮.૬૪ લાખ, રિઝર્વ ફંડો રૂ. ૧૦૨૬.૯૩ અને ધિરાણ ૪૭૮૫.૭૧ લાખ હતુ. બેંકનું ગ્રોસ એન.પી.એ. રૂ. ૧૬૮.૫૭ લાખ છે, જ્યારે નેટ એન.પી.એ. શુન્ય છે. બેંકનો ચોખ્ખો નફો રૂ. ૧૨૧.૬૬ લાખ થયો હોવાની જાહેરાત કરી હતી. બેંકની સમગ્ર સાધારણ સભાનું સંચાલન બેંકના એમ.ડી. અશોકભાઈ જે. મોદી દ્વારા કર્યુ હતુ. સને ૨૦૨૨-૨૩ના વર્ષનો વાર્ષિક અહેવાલ, સરવૈયુ, નફા-નુકશાન ખાતું રજુ કરેલ. ચાલુ વર્ષે સભાસદોને શેરમુડી ઉપર ૧૦ટકા ડિવિડન્ડ ચુકવવાનું મંજુર રખાયુ હતુ. આ ઉપરાંત બેંકના કાર્યક્ષેત્રમાં વધારો કરવાનો ઠરાવ મંજૂર કરવામાં આવેલ. આ સાથે બેંકના ચેરમેન ચંદુભાઈ પટેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા **UPI Base** બેંકીંગ સેવાઓ **IMPS, Google pay, Phone Pay, CREDI** જેવી ડેઝિટલ સેવાઓનો શુભારંભ કરાવેલ હતો. આજની સભામાં કુભકો-ન્યુ દિલ્હીના ડિરેક્ટર પરેશભાઈ પટેલ, ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીના ડિરેક્ટર અને યુવા સામાજીક કાર્યકર કેતનભાઈ પટેલ, ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના કસ્ટોડીયન ચેરમેન લાલભાઈ પટેલ, ગાંધીનગર કડવા પાટીદાર સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ તથા અન્ય સંસ્થાઓના આગેવાનો હાજર રહી બેંકની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવેલ. સભામાં રામભાઈ પટેલ, સાંકાભાઈ અને સુરેશભાઈ પટેલ દ્વારા બેંકની પ્રગતિ માટે જરૂરી સુચનો કર્યા હતા. સભાના અંતે બેંકના પુર્વ મેનેજીંગ ડિરેક્ટર પ્રહલાદભાઈ એસ. પટેલ દ્વારા ખિમજી વિસરામ હોલ વાપરવા માટે આપ્યો તે બદલ પ્રમુખ, સભાસદો તથા કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ગાંધીનગર જિલ્લા HTAT મુખ્ય શિક્ષક સંઘના હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં HTAT મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા સભ્યોની સાધારણ સભા તા. ૫-૮-૨૦૨૩ના રોજ છાલા ખાતે કે.એમ. સર્વોદય હાઈસ્કૂલના સમિતિ હોલમાં મળેલી. જેમાં બહોળી સંખ્યામાં શિક્ષક સભ્યોએ હાજરી આપેલી અને સાધારણ સભામાં નીચે દર્શાવેલ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ અંતર્ગત સુરેશભારતી બી. ગોસ્વામીને પ્રમુખ પદે, પ્રજ્ઞેશકુમાર ત્રિવેદીને ઉપપ્રમુખ પદે, કેતનભાઈ પરમારને મહામંત્રી પદે, મેહુલકુમાર સુથારને સહમંત્રી પદે અને જાગૃતિબેન વૈદ્યને મહિલા ઉપપ્રમુખ પદે નિયુક્ત કરવામાં આવ્યાં છે.

# ગોઝારીયા ખાતે 'રંગમંચના રંગો' પર કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૦૮

યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા 'રંગમંચના રંગો- નાટકના સંદર્ભમાં' વિષય પર નીમા ગર્લ્સ આર્ટસ કોલેજ, ગોઝારીયા, તા. જિ. મહેસાણા ખાતે તાજેતરમાં સર્જનાત્મક અભિવ્યકિત કાર્યશાળા યોજાઈ. કાર્યશાળાના ઉદ્દઘાટન સમારોહમાં યુવક વિકાસ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. મંદાબેન પરીખ, ગોઝારીયા કેળવણી મંડળના ટ્રસ્ટી પ્રા.પ્રકાશભાઈ પટેલ, નીમા ગર્લ્સ આર્ટસ કોલેજના આચાર્યશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા, નીમા ગર્લ્સ આર્ટસ કોલેજના અધ્યાપકશ્રીઓ ડૉ. નરેન્દ્રભાઈ પ્રજાપતિ તથા ડૉ.વિમળાબેન ચૌહાણ, શિબિર સંચાલકશ્રી ડૉ. મમતા બુચ તેમજ યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદના શિબિર સંયોજક શ્રી વિક્રમસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યશાળામાં ગુજરાતની ૨૨ કોલેજના કુલ ૬૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં 'સર્જનાત્મકતા અને સમાજ ઘડતરઃ સર્જનશીલ યુવકોની ભૂમિકા' તથા 'રંગમંચના રંગો- નાટકના સંદર્ભમાં' ડૉ. મમતા બુચે તથા પ્રો. રવિ ઊગરેજિયાએ 'રંગમંચનો ઈતિહાસ' વિષય પર વિદ્યાર્થીઓને જ્ઞાન પીરસ્યું હતું. ચાર દિવસ ચાલેલી આ શિબિરના અંતે વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. તથા ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ સહિત આમંત્રિત મહેમાનોની દાદ મેળવી હતી.



ચિલોડા પ્રાથમિક શાળામાં શાળા વ્યવસ્થા સ્થાપન સમિતિની બેઠક યોજાઈ જેમાં એસએમસી સભ્યો હાજર રહી અગિયાર વાગે બાયસેગ દ્વારા પ્રસારણ કાર્યકમ વંદે માતરમ્ ચેનલ પરથી નિષ્ણાતો દ્વારા વિષયવસ્તુને ધ્યાન માં રાખી માર્ગદર્શન આપ્યું

# વડનગર ખાતે 'સાવિત્રી' નાટક ભજવાયું

ગાંધીનગર, તા. ૦૮

શહેરની જાણીતી નાટ્યસંસ્થા એમ. પી. આર્ટ લવર્સ, ગાંધીનગર તથા શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા શ્રી અરવિંદ કેન્દ્ર, વડનગર તથા શ્રી અરવિંદ કેન્દ્ર, વિસનગરના સહયોગથી જવાહર નવોદય વિદ્યાલય, વડનગર ખાતે શ્રી અરવિંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં તેમના મહાકાવ્ય 'સાવિત્રી' પર આધારિત નાટક 'સાવિત્રી- મૃત્યુ પર પ્રેમકે વિજયકી ગાથા'નું મંચન કરવામાં આવ્યું. પ્રસ્તુત નાટકમાં વિશ્વ દસાડીયા, સલોની સોની, વિશાલકુમાર ઓડ, પાયલ રત્નાકર, ચેહૂર રબારી, આદિત્ય રાજસિંહ જાડેજા, ભક્તિ ટાંક, મેઘરાજ ચૌધરી, પરમ શુક્લ તથા ડો. મમતા બુચે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત નિર્માણ પરમ શુક્લ તથા સંગીત સંચાલન યશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. લાઈટ સંચાલન રવિ રબારી તથા હેત રત્નાકર દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત નાટક માણવા ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. નાટકનાં લેખિકા તથા દિગ્દર્શક ડો. મમતા બુચ દ્વારા તમામ સહયોગી સંસ્થાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

